# બાળકોને વશમાં કરવાનું અમોઘ શસ્ત્ર



# અણમોલ બાળગીતો



**YOU TUBE CHANNEL - CN PLATFORM**



સંકલન કર્તા :- ચિંતન પટેલ 'ગિરિ'

સારસ્વત મિત્રો,

નમસ્કાર.

હું ચિંતન એન. પટેલ કચ્છ જિલ્લાની શ્રી મોટી તુંબડી પ્રાથમિક શાળામાં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવું છું. મારું વતન દાણાવાળા - સુરેન્દ્રનગર છે. આપણે સૌ જાણીએ છીએ કે બાળકોને બાળગીતો ખૂબ જ પ્રિય હોય છે. એમાં પણ જો અભિનય સાથે બાળગીત રજૂ કરવામાં આવે તો બાળકો મન મૂકીને નાચે છે અને રાજી રાજી થઈ જાય છે. આપણે ઘણી બધી તાલીમોમાં અનુભવ કરી ચૂક્યા છીએ કે એક બાળગીત આપણને કેટલાં હળવા ફૂલ બનાવી દે છે. તો પછી નાના ભૂલકાઓને ઉત્સાહ સાથે શિક્ષણ તરફ અભિમુખ કરે એમાં તો નવાઈ જ શું ! હું તો ત્યાં સુધી કહું છું કે જે શિક્ષક પાસે બાળગીતનું હથિયાર છે તે છેલ્લા તાસમાં ગણિત વિષય પણ ખૂબ જ અસરકારક રીતે ભણાવી શકે છે.

મને બાળગીતોનો ખૂબ શોખ છે. મેં આ પચ્ચીસ સરસ મજાના બાળગીતોનું સંકલન કર્યું છે. મેં આ બધા જ બાળગીતોના રાગ અને વીડિયો મારી યુ ટ્યુબ ચેનલ **CN PLATFORM** પર મૂકેલાં છે. આપ સૌ મિત્રો મારી ચેનલ સબસ્ક્રાઈબ કરો અને આ બધા વીડિયો વધુમાં વધુ શિક્ષકો અને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડો એવી નમ્ર વિનંતી છે.

નામ :- ચિંતન એન. પટેલ
મો. નં. 8905626012, વો.એપ. 8866449060

# અનુક્રમણિકા

[1] હું ને પોપટલાલ ચાલતાં ચાલતાં
[2] ચોટલી લટક મટક
[3] મોરલાની ડોકમાં
[4] તકધીના ધીન ઢોલકી વાગે
[5] મેળામાં ફરવા જઈએ
[6] કાળી કાળી મીંદડી
[7] બે બિલાડી આવતી'તી
[8] હૂપ હૂપ કરતાં વાંદરાભાઈ
[9] મટકી રે મારી માખણની મટકી
[10] પંખી બની ઉડી જઈએ
[11] મારી ઘોડાગાડી
[12] એકડો સાવ સળેકડો
[13] નાના અમથા વાંદરાભાઈને
[14] અંતર મંતર જંતર
[15] મમ્મી રે મમ્મી મને

# અનુક્રમણિકા


[16] નાનકડી ઢીંગલી ફરવા જાય

[17] રેલગાડી સરરર જાય

[18] નાનો નાનો ભાઈ

[19] ઉડે પતંગ રંગદાર

[20] मम्मी मुझे छोटी - सी गुड़िया

[21] લાડું લાવો

[22] બાગમાં ફરવાને ગ્યા'તા

[23] ઝમકૂડી રે ઝમકૂડી

[24] ડાહ્યા ત્રણ વાંદરા

[25] બટેકું બહું માથાભારે



અણમોલ બાળગીતોના ખજાનાનું એક જ નામ **CN PLATFORM** યુ - ટ્યુબ ચેનલ. તો મિત્રો અવનવા બાળગીતો અને શૈક્ષણિક વીડિયોનો લાભ લેવા માટે મારી યુ ટ્યુબ ચેનલ **CN PLATFORM** આજે જ સબસ્કાઈબ કરો.

## { બાળગીત - 1 }

## 'હું ને પોપટલાલ ચાલતાં ચાલતાં...'

હું ને પોપટલાલ ચાલતાં ચાલતાં,
વનવગડામાં ગ્યા'તા. (2)
ટીણી ટીણી ....
હું ને પોપટલાલ ...
ઝાડ પણ જોયાં ને તાડ પણ જોયાં (2)
જોયાં મેં છોડવા નાના.
ટીણી ટીણી ....
હું ને પોપટલાલ ...
વાઘ પણ જોયાં ને હાથી પણ જોયાં (2)
જોયાં મેં સસલાં નાના.
ટીણી ટીણી ....
હું ને પોપટલાલ ...
નદી પણ જોઈ ને નાળા પણ જોયાં (2)
જોયા મેં ખાબોચિયાં નાના.
ટીણી ટીણી ....
હું ને પોપટલાલ ...
કેરી પણ ખાધી ને આંબલી પણ ખાધી (2)
ખાધા મેં બોર નાના.
ટીણી ટીણી ....
હું ને પોપટલાલ ...

CN PLATFORM

આવા જ બીજાં મસ્ત મસ્ત બાળગીતો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્ક્રાઈબ કરો.

## { બાળગીત - 2 }

### 'ચોટલી લટક મટક'

લટક મટક ભાઈ લટક મટક (2)
ગોરની ચોટલી લટક મટક.
લટક મટક ભાઈ લટક મટક (2)
ગાંઠ વાળતાં વળે નહીં (2)
ચોટલી થાય છટક છટક.
ગોર કહે ગોરાણી આવો,
જલ્દી જલ્દી કાતર લાવો,
કાતર બોલે કટક કટક,
ચોટલી કાપો કટક કટક.
ચોટલી આ વાત સાંભળી ગઈ,
સાંભળીને એ હાંફળી ફાંફળી થઈ.
ચોટલી 'કે ગોર અટક અટક.
હવે કોઈ 'દી નહીં થાઉં છટક છટક.
ગાંઠ વાળતાં વળી ગઈ.
ગોર કહે ગોરાણી આવો,
જલ્દી જલ્દી લાડું લાવો,
લાડું ખાધા બટક બટક.
પાણી પીધું ઘટક ઘટક.
લટક મટક ભાઈ લટક મટક (2)
ગોરની ચોટલી લટક મટક.

**CN PLATFORM**

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્ક્રાઈબ કરો.

# { બાળગીત - 3 }

## 'મોરલાની ડોકમાં ...

મોરલાની ડોકમાં હો, મને એકડો દેખાય છે.
દાતરડાનાં અંગમાં હો, મને બગડો દેખાય છે.
મોરલાની ડોકમાં ...
આકાશે ઊડતી સમડીને દેખો (2)
સમડીના અંગમાં હો, મને તગડો દેખાય છે.
મોરલાની ડોકમાં ...
ચીપિયો લઈને બા રોટલી ફેરવતાં (2)
ચીપિયાના અંગમાં હો, મને ચોગડો દેખાય છે.
મોરલાની ડોકમાં ...
સવારે પપ્પાને ચા સાથે પ્રીત છે (2)
કીટલીના અંગમાં હો, મને પાંચડો દેખાય છે.
મોરલાની ડોકમાં ...
આવો બતાવું તમને અરીસાનો જાદુ (2)
અરીસામાં બગડાનો હો, મને છગડો દેખાય છે.
મોરલાની ડોકમાં ...
આકાશે ઊડતાં પોપટને દેખો (2)
પોપટની ચાંચમાં હો, મને સાતડો દેખાય છે.
મોરલાની ડોકમાં ...
લાકડી લઈને દાદા ઘોડો ખેલવતાં (2)
લાકડીના અંગમાં હો, મને આઠડો દેખાય છે.
મોરલાની ડોકમાં ...
ધનુષ ચલાવતાં રામને નિહાળો (2)
ધનુષના અંગમાં હો, મને નવડો દેખાય છે.
મોરલાની ડોકમાં ...
એકડા પાછળ લાડું જો મૂકીએ (2)
એકડેને મીંડે હો, બસ દસ જ થાય છે.
મોરલાની ડોકમાં ...

**CN PLATFORM**

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ **CN PLATFORM** પર ઉપલબ્ધ છે. તો આજે જ **CN PLATFORM** ચેનલ સબસ્ક્રાઈબ કરો.

# { બાળગીત - 4 }

## 'તકધીના ધીન ઢોલકી વાગે'

તકધીના ધીન તકધીના ધીન ઢોલકી વાગે (2)

એકડા ભાઈ તો નાચે ઉમંગે (2)
બગડો બેલ વગાડે રે ...
તકધીના ધીન ...

તગડા ભાઈ તો તાળી પાડે (2)
ચોગડો ચોટી હલાવે રે ...
તકધીના ધીન ...

પાંચડા ભાઈ તો પાવો વગાડે (2)
છગડો છમ છમ નાચે રે ...
તકધીના ધીન ...

સાતડા ભાઈ તો વાંકા ચાલે (2)
આઠડો એને ઉઠાવે રે ...
તકધીના ધીન ...

નવડા ભાઈ તો બેઠા નિરાંતે (2)
દસડો ધુબાકા મારે રે ...
તકધીના ધીન ...

CN PLATFORM

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્ક્રાઈબ કરો.

# { બાળગીત - 5 }

## 'મેળામાં ફરવા જઈએ'

ચાલો સૌ સાથે મળી, મેળામાં ફરવા જઈએ (2)

પેલા નાના ચગડોળ વાળો, મોટા ચગડોળ વાળો (2)
અરે આહા... અરે ઓહો...
તેને જોઈને મન લલચાય, એમાં બેસવાનું મન થાય.
ચાલો સૌ સાથે મળી ...

પેલા રંગીન ફૂગ્ગા વાળો, પાવા પિપુડી વાળો (2)
અરે આહા... અરે ઓહો...
તેને જોઈને મન લલચાય, એને વગાડવાનું મન થાય.
ચાલો સૌ સાથે મળી ...

પેલા મકાઈના ડોડાવાળો, પાણીપુરી વાળો (2)
અરે આહા... અરે ઓહો...
તેને જોઈને મન લલચાય, એને ખાવાનું મન થાય.
ચાલો સૌ સાથે મળી ...

પેલા જલેબીના ગૂંચળા વાળો, માવા - મીઠાઈ વાળો (2)
અરે આહા... અરે ઓહો...
તેને જોઈને મન લલચાય, એને ખાવાનું મન થાય.
ચાલો સૌ સાથે મળી ...

CN PLATFORM

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્ક્રાઈબ કરો.

# { બાળગીત - 6 }

## 'કાળી કાળી મીંદડી'

કાળી કાળી મીંદડી, કાળી કાળી મીંદડી,
આવીને ગઈ ... (2)
મારા નાનકડા ભઈલાનું દૂધ પી ગઈ.
કાળી કાળી ...

પપ્પા મારા ગ્યા'તા નોકરી કરવા (2)
હું મારા ભઈલાને ઝૂલો ઝૂલાવતી.
કાળી કાળી ...

મમ્મી મારી ગઈ'તી રસોઈ કરવા (2)
હું મારા ભઈલાને ઝૂલો ઝૂલાવતી.
કાળી કાળી ...

બહેન મારી ગઈ'તી કોલેજ ભણવા (2)
હું મારા ભઈલાને ઝૂલો ઝૂલાવતી.
કાળી કાળી ...

કાળી કાળી મીંદડી, કાળી કાળી મીંદડી,
આવીને ગઈ ... (2)
મારા નાનકડા ભઈલાનું દૂધ પી ગઈ.
કાળી કાળી ...

CN PLATFORM

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્ક્રાઈબ કરો.

{ બાળગીત - 7 }

## 'બે બિલાડી આવતી'તી'

બે બિલાડી આવતી'તી આવતી'તી (2)
બટકું રોટલો લાવતી'તી લાવતી'તી (2)

છાપરે વાંદરો બેઠો'તો બેઠો'તો (2)
બેઠો બેઠો જોતો'તો જોતો'તો (2)

લાગ આવે તે શોધતો'તો શોધતો'તો (2)
ભાગ પાડી આપવાનું કહેતો'તો કહેતો'તો (2)

ત્રાજવે રોટલો જોખતો'તો જોખતો'તો (2)
બટકું રોટલો ખાતો'તો ખાતો'તો (2)

બટકું રોટલો વધતો'તો વધતો'તો (2)
મહેનતાણામાં માગતો'તો માગતો'તો (2)

બેમાં ત્રીજો ફાવી ગયો ફાવી ગયો (2)
ઝઘડાનો અંત આવી ગયો આવી ગયો (2)

બે બિલાડી આવતી'તી આવતી'તી (2)
બટકું રોટલો લાવતી'તી લાવતી'તી (2)

CN PLATFORM

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્ક્રાઈબ કરો.

## { બાળગીત - 8 }

## 'હૂપ હૂપ કરતાં વાંદરાભાઈ'

હૂપ હૂપ કરતાં વાંદરાભાઈ
અમારે છાપરે આવ્યા ભાઈ.

આમ જાય, તેમ જાય (2)
મારી સામે જોતાં જાય (2)

કેવા મજાના વાંદરાભાઈ,
અમારે છાપરે આવ્યા ભાઈ.

કાળું કાળું મોઢું છે (2)
લાંબું લાંબું પૂંછડું છે (2)

સીંગ ચણા એતો ખાતા જાય
અમારે છાપરે આવ્યા ભાઈ.

હૂપ હૂપ કરતાં વાંદરાભાઈ
અમારે છાપરે આવ્યા ભાઈ.

YOU TUBE CHANNEL - CN PLATFORM

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્ક્રાઈબ કરો.

# { બાળગીત - 9 }

## 'મટકી રે મારી માખણની મટકી'

મટકી રે મારી માખણની મટકી (2)
માખણની મટકી ને હાથમાંથી છટકી.
મટકી રે મારી ...

વનમાં કાનુડો દાતણ મંગાવે (2)
વનમાં દાતણ ક્યાંથી લાવું રે વાલમિયા?
મટકી રે મારી ...

વનમાં કાનુડો નાવણ મંગાવે (2)
વનમાં નાવણ ક્યાંથી લાવું રે વાલમિયા?
મટકી રે મારી ...

વનમાં કાનુડો ભોજન મંગાવે (2)
વનમાં ભોજન ક્યાંથી લાવું રે વાલમિયા?
મટકી રે મારી ...

વનમાં કાનુડો પોઢણ મંગાવે (2)
વનમાં પોઢણ ક્યાંથી લાવું રે વાલમિયા?

મટકી રે મારી માખણની મટકી (2)
માખણની મટકી ને હાથમાંથી છટકી.

CN PLATFORM

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્ક્રાઈબ કરો.

{ બાળગીત - 10 }

## 'પંખી બની ઉડી જઈએ'

પંખી બની ઉડી જઈએ (2)
હો.. હો.. હો.. ચાંદામામાના દેશમાં.

ટમટમતાં તારલાનો દેશ ચાંદામામા (2)
તારલા બની ટમકી જઈએ (2)
હો.. હો.. હો.. ચાંદામામાના દેશમાં.
પંખી બની ...

કાળી કાળી વાદળીનો દેશમામા (2)
વાદળી બની વરસી જઈએ (2)
હો.. હો.. હો.. ચાંદામામાના દેશમાં.
પંખી બની ...

રૂપેરી પરીઓનો દેશ ચાંદામામા (2)
પરી બની ઉડી જઈએ (2)
હો.. હો.. હો.. ચાંદામામાના દેશમાં.
પંખી બની ...

પંખી બની ઉડી જઈએ (2)
હો.. હો.. હો.. ચાંદામામાના દેશમાં.

CN PLATFORM

આવા જ બીજાં મસ્ત મસ્ત બાળગીતનો ખજાનો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્ક્રાઈબ કરો.

{ બાળગીત - 11 }

## 'મારી ઘોડાગાડી ...'

મારી ઘોડાગાડી આ.. આ.. આ.. (2)
બેઠા રાજા - રાણી આ.. આ.. આ.. (2)

રાજાએ વાત કીધી, રાજાએ વાત કીધી (2)
તોય રાણી માને નહીં ના.. ના.. ના..
મારી ઘોડાગાડી ...

રાજા લઈ ગ્યા ફરવા , રાજા લઈ ગ્યા ફરવા (2)
તોય રાણી માને નહીં ના.. ના.. ના..
મારી ઘોડાગાડી ...

રાજાએ ગિફ્ટ આપી, રાજાએ ગિફ્ટ આપી (2)
તરત રાણી માની ગઈ હા.. હા.. હા..
મારી ઘોડાગાડી ...

મારી ઘોડાગાડી આ.. આ.. આ.. (2)
બેઠા રાજા - રાણી આ.. આ.. આ.. (2)

YOU TUBE CHANNEL - CN PLATFORM

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્ક્રાઈબ કરો.

# { બાળગીત - 12 }

## 'એકડો સાવ સળેકડો'

એકડો સાવ સળેકડો ને બગડો ડિલે તગડો (2)
બંને બથ્થંબથ્થાં બાઝી, કરતાં મોટો ઝગડો.

તગડો તાળી પાડે ને નાચે તાતા થૈ (2)
ચોગડાની ઢીલી ચડ્ડી સરરર ઉતરી ગઈ.

પાંચડો પેંડા ખાતો એની છગડો તાણે ચોટી (2)
સાતડો છાનોમાનો સૌની લઈ ગયો લખોટી.

આઠડાને ધક્કો મારી નવડો કહેતો ખસ (2)
એકડે મીંડે દસ વાગ્યા, ત્યાં આવી સ્કૂલની બસ.

એકડો સાવ સળેકડો ને બગડો ડિલે તગડો (2)
બંને બથ્થંબથ્થાં બાઝી, કરતાં મોટો ઝગડો.

CN PLATFORM

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્ક્રાઈબ કરો.

# { બાળગીત - 13 }

## 'નાના અમથા વાંદરાભાઈને'

નાના અમથા વાંદરાભાઈને,
સિનેમાનો શોખ, સિનેમાનો શોખ (2)

ધોતી પહેરી, ઝભ્ભો પહેર્યો (2)
ટોપી મૂકી આમ, ટોપી મૂકી આમ.
નાના અમથા વાંદરાભાઈને ...

લાકડી લીધી, ચશ્માં પહેર્યાં (2)
સ્કૂટર ચાલ્યું આમ, સ્કૂટર ચાલ્યું આમ.
નાના અમથા વાંદરાભાઈને ...

ફર્સ્ટ ક્લાસની ટિકિટ કઢાવી (2)
જોવા બેઠા આમ, જોવા બેઠા આમ.
નાના અમથા વાંદરાભાઈને ...

સિનેમામાં થયો ધડાકો (2)
વાંદરાભાઈ તો ગભરાઈ ગયા (2)
આમ દોડી જાય, તેમ દોડી જાય.

નાના અમથા વાંદરાભાઈને,
સિનેમાનો શોખ, સિનેમાનો શોખ (2)

**CN PLATFORM**

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્ક્રાઈબ કરો.

# { બાળગીત - 14 }

## 'અંતર મંતર જંતર'

અંતર મંતર જંતર, હું જાણું છું એક મંતર
તને ચકલી બનાવી દઉં, તને કાગડો બનાવી દઉં.

જુઓ આ છે ટોપલી ખાલી (2)
એમાં પરી આવે છે મતવાલી (2)
મારી ટોપલીમાં જાદું તેમાં પરીને બેસાડું (2)
તેનું સસલું બનાવી દઉં.
અંતર મંતર જંતર ...

જુઓ આ છે ગંજીફાની રમત (2)
આ રમતમાં છે મોટી ગમ્મત (2)
પહેલાં રાજા આવે છે, પછી રાણી આવે છે (2)
તેનો ગુલામ બનાવી દઉં.
અંતર મંતર જંતર ...

જુઓ આ છે નાનો ઠિંગુ (2)
એનું નામ પાડ્યું છે પિંગુ (2)
પિંગુ ખૂબ દોડે છે, ઊંચા ઝાડ કૂદે છે (2)
તેને લંબુ બનાવી દઉં.

અંતર મંતર જંતર, હું જાણું છું એક મંતર
તને ચકલી બનાવી દઉં, તને કાગડો બનાવી દઉં.

CN PLATFORM

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્ક્રાઈબ કરો.

{ બાળગીત - 15 }

## 'મમ્મી રે મમ્મી મને ...'

મમ્મી રે મમ્મી મને નાનો ન માનતી (2)

તું જો કહે તો સાયકલ ચલાવી દઉં (2)
મમ્મી રે મમ્મી મને ...

તું જો કહે તો સ્કૂટર ચલાવી દઉં (2)
મમ્મી રે મમ્મી મને ...

તું જો કહે તો કાર ચલાવી દઉં (2)
મમ્મી રે મમ્મી મને ...

તું જો કહે તો વિમાન ચલાવી દઉં (2)
મમ્મી રે મમ્મી મને ...

તું જો કહે તો શાક બનાવી દઉં (2)
મમ્મી રે મમ્મી મને ...

તું જો કહે તો રોટલી બનાવી દઉં (2)
મમ્મી રે મમ્મી મને ...

**CN PLATFORM**

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્ક્રાઈબ કરો.

## { બાળગીત - 16 }

## 'નાનકડી ઢીંગલી ફરવા જાય'

નાનકડી ઢીંગલી ફરવા જાય (2)
અચકો મચકો કરતી જાય.

નાકમાં તે નથડી પહેરતી જાય (2)
અચકો મચકો કરતી જાય.
નાનકડી ઢીંગલી ...

કાનમાં તે બુટી પહેરતી જાય (2)
અચકો મચકો કરતી જાય.
નાનકડી ઢીંગલી ...

હાથમાં તે બંગડી પહેરતી જાય (2)
અચકો મચકો કરતી જાય.
નાનકડી ઢીંગલી ...
પગમાં તે ઝાંઝર પહેરતી જાય (2)
અચકો મચકો કરતી જાય.

નાનકડી ઢીંગલી ફરવા જાય (2)
અચકો મચકો કરતી જાય.

આવા જ બીજાં મસ્ત બાળગીતો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્ક્રાઈબ કરો.

## { બાળગીત - 17 }

## 'રેલગાડી સરરર જાય'

રેલગાડી સરરર સરરર જાય (2)

રેલમેં બેઠે પંજાબી લોગ (2)
પંજાબી આ... હા...
પંજાબી ઓ... હો...
પંજાબી ભાંગડા લેતા જાય.
રેલગાડી સરરર ...

રેલમેં બેઠે રાજસ્થાની લોગ (2)
રાજસ્થાની આ... હા...
રાજસ્થાની ઓ... હો...
રાજસ્થાની ઘુમ્મર લેતા જાય.
રેલગાડી સરરર ...

રેલમેં બેઠે ગુજરાતી લોગ (2)
ગુજરાતી આ... હા...
ગુજરાતી ઓ... હો...
ગુજરાતી ગરબા લેતા જાય.

રેલગાડી સરરર સરરર જાય (2)

**CN PLATFORM**

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્ક્રાઈબ કરો.

## { બાળગીત - 18 }

## 'નાનો નાનો ભાઈ'

નાનો નાનો ભાઈ,
મારો નાનો નાનો ભાઈ.
રોજ રોજ માંગે એ તો
રોટલો ને દહીં.

પપ્પાની ટોપી પહેરી
નિશાળે જાતો (2)
સામે મળે ચોર તો એ
ઢીસુમ ઢીસુમ કરતો.
નાનો નાનો ભાઈ ...

અમાસની રાતે એ તો
સોસાયટીમાં ફરતો (2)
સામા મળે કૂતરા તો એ
હાઉ હાઉ કરતો (2)

નાનો નાનો ભાઈ,
મારો નાનો નાનો ભાઈ.
રોજ રોજ માંગે એ તો
રોટલો ને દહીં.

**CN PLATFORM**

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્ક્રાઈબ કરો.

## { બાળગીત - 19 }

## 'ઉડે પતંગ રંગદાર'

ઉડે પતંગ રંગદાર આભમાં (2)

લાલિયો ને પીળીયો (2)
કાળિયો ને ભૂરિયો (2)
લોટતો ને દોર લેતો જાય ગગનમાં.
ઉડે પતંગ ...

ચાંદા ને ચોકડીનો (2)
જામ્યો છે પેચ અલ્યાં (2)
ચાંદો ગયો ભરદોર ગગનમાં.
ઉડે પતંગ ...

દોરીની ઝૂલ પડી (2)
લૂંટજો અલ્યા લૂંટજો (2)
જો જો ના આંગળાં કપાય હાથનાં.

ઉડે પતંગ રંગદાર આભમાં (2)

YOU TUBE CHANNEL - CN PLATFORM

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્કાઈબ કરો.

{ બાળગીત - 20 }

## 'मम्मी मुझे छोटी - सी गुड़िया दिला दे'

मम्मी मुझे छोटी - सी गुड़िया दिला दे (2)
गुड़िया से खेलूंगा (2)

मम्मी मुझे छोटी - सी टोपी दिला दे (2)
गुड़िया से खेलूंगा (2)
टोपी को पहनूंगा (2)

मम्मी मुझे छोटा - सा घोड़ा दिला दे (2)
गुड़िया से खेलूंगा (2)
टोपी को पहनूंगा (2)
घोड़े पे बेठूंगा (2)

मम्मी मुझे छोटी - सी बंदूक दिला दे (2)
गुड़िया से खेलूंगा (2)
टोपी को पहनूंगा (2)
घोड़े पे बेठूंगा (2)
बंदूक चलाऊंगा (2)

मम्मी मुझे छोटी - सी गुड़िया दिला दे (2)

CN PLATFORM

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્ક્રાઈબ કરો.

# { બાળગીત - 21 }

## 'લાડું લાવો ...'

લાડું લાવો પતરાળી ઉડી જાય છે રે (2)
ઉડી જાય છે રે કંઈ કંઈ થાય છે રે (2)
લાડું લાવો ...

તીખી ચટણી આંખોમાં આંસુ લાવતી રે (2)
આંસુ લાવતી રે નથી ભાવતી રે.
લાડું લાવો ...

તીખા ભજિયાં ખાવાથી ખોટ જાય છે રે (2)
ખોટ જાય છે રે પાણી પાય છે રે.
લાડું લાવો ...

પડતાં મૂકો ગરબડિયા દાળભાતને રે (2)
દાળભાતને રે પૂરી શાકને રે.
લાડું લાવો ...

ભલે બ્રાહ્મણ ઉડાડે દસ - વીસને રે (2)
દસ - વીસને રે પૂરા ત્રીસને રે.

લાડું લાવો પતરાળી ઉડી જાય છે રે (2)
ઉડી જાય છે રે કંઈ કંઈ થાય છે રે (2)

CN PLATFORM

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્કાઈબ કરો.

{ બાળગીત - 22 }

## 'બાગમાં ફરવાને ગ્યા'તા'

'બાગમાં ફરવાને ગ્યા'તા કે
ઢીંગલી બેન લપસી પડ્યા'તા.

હું તો મારી ઢીંગલી માટે શીરો બનાવું (2)
શીરો ખાઈને થાય સાજા કે
ઢીંગલી બેન લપસી પડ્યા'તા.
બાગમાં ફરવાને ...

હું તો મારી ઢીંગલી માટે લાડું બનાવું (2)
લાડું ખાઈને થાય સાજા કે
ઢીંગલી બેન લપસી પડ્યા'તા.
બાગમાં ફરવાને ...

હું તો મારી ઢીંગલી માટે ડોક્ટર બોલાવું (2)
દવા પીને થાય સાજા કે
ઢીંગલી બેન લપસી પડ્યા'તા.
બાગમાં ફરવાને ...

'બાગમાં ફરવાને ગ્યા'તા કે
ઢીંગલી બેન લપસી પડ્યા'તા.

CN PLATFORM

આવાં જ બીજા મસ્ત બાળગીતો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્કાઈબ કરો.

# { બાળગીત - 23 }

## 'ઝમકૂડી રે ઝમકૂડી'

મારવાડનો ઢીંગલો રાજા ઝમકૂડી રે ઝમકૂડી.
એક રાજાને ચાર રાણી, ઝમકૂડી રે ઝમકૂડી.

એક રાણી આંધળી હતી (2)
આંધળી કે મારે ચશમાં જોઈએ (2)
ભૂજ જવાતું નથી, ચશમાં લવાતાં નથી,
તોય મારો જીવ ખાય, ઝમકૂડી રે ઝમકૂડી.
મારવાડનો ઢીંગલો રાજા ...

એક રાણી ઠુઠી હતી (2)
ઠુઠી કે મારે ઘડિયાળ જોઈએ (2)
મોરબી જવાતું નથી, ઘડિયાળ લવાતી નથી,
તોય મારો જીવ ખાય, ઝમકૂડી રે ઝમકૂડી.
મારવાડનો ઢીંગલો રાજા ...

એક રાણી બેરી હતી (2)
બેરી કે મારે મોબાઈલ જોઈએ (2)
રાજકોટ જવાતું નથી, મોબાઈલ લવાતો નથી,
તોય મારો જીવ ખાય, ઝમકૂડી રે ઝમકૂડી.
મારવાડનો ઢીંગલો રાજા ...

એક રાણી લંગડી હતી (2)
લંગડી કે મારે સેન્ડલ જોઈએ (2)
મુંબઈ જવાતું નથી, સેન્ડલ લવાતાં નથી,
તોય મારો જીવ ખાય, ઝમકૂડી રે ઝમકૂડી.

મારવાડનો ઢીંગલો રાજા ઝમકૂડી રે ઝમકૂડી.
એક રાજાને ચાર રાણી, ઝમકૂડી રે ઝમકૂડી.

**CN PLATFORM**

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ **CN PLATFORM** પર ઉપલબ્ધ છે. તો આજે જ **CN PLATFORM** ચેનલ સબસ્ક્રાઈબ કરો.

{ બાળગીત - 24 }

## 'ડાહ્યા ત્રણ વાંદરા'

પહેલે રમકડે હો, ડાહ્યા ત્રણ વાંદરા (2)
બેઠા છે હારબંધ હો, ડાહ્યા ત્રણ વાંદરા.

એકે કરી છે બંધ આંખો બે હાથથી (2)
ખોટું જોવાય નહીં હો, ડાહ્યા ત્રણ વાંદરા.
પહેલે રમકડે હો ...

બીજે કર્યા છે બંધ કાનો બે હાથથી (2)
ખોટું સંભળાય નહીં હો, ડાહ્યા ત્રણ વાંદરા.
પહેલે રમકડે હો ...

ત્રીજે કર્યું છે બંધ મોઢું બે હાથથી (2)
ખોટું બોલાય નહીં હો, ડાહ્યા ત્રણ વાંદરા.
પહેલે રમકડે હો ...

ગાંધી બાપુના બોધક રમકડાં (2)
આપે છે બોધપાઠ હો, ડાહ્યા ત્રણ વાંદરા.

પહેલે રમકડે હો, ડાહ્યા ત્રણ વાંદરા (2)
બેઠા છે હારબંધ હો, ડાહ્યા ત્રણ વાંદરા.

CN PLATFORM

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્ક્રાઈબ કરો.

# { બાળગીત - 25 }

## 'બટેકું બહું માથાભારે'

બટેકું બહું માથાભારે (2)
તોય તારા વિના ન ચાલે,
વટ પડે 'લ્યા તારો વટ પડે.
બટેકું બહું ...

લાલિયો કે મારે ભજીયા ખાવા (2)
એમાં પણ બટેકું જોઈએ.
વટ પડે 'લ્યા તારો વટ પડે.
બટેકું બહું ...

લાલિયો કે મારે સમોસા ખાવા (2)
એમાં પણ બટેકું જોઈએ.
વટ પડે 'લ્યા તારો વટ પડે.
બટેકું બહું ...

લાલિયો કે મારે ઢોસા ખાવા (2)
એમાં પણ બટેકું જોઈએ.
વટ પડે 'લ્યા તારો વટ પડે.
બટેકું બહું ...

આગળ ...

CN PLATFORM

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્ક્રાઈબ કરો.

લાલિયો કે મારે સેન્ડવીચ ખાવી (2)
એમાં પણ બટેકું જોઈએ.
વટ પડે 'લ્યા તારો વટ પડે.
બટેકું બહું ...

હોય ભલે તું ઘણું મોંઘું (2)
તોય તારા વિના ન ચાલે,
વટ પડે 'લ્યા તારો વટ પડે.
બટેકું બહું ...

- ચિંતન પટેલ 'ગિરિ'

CN PLATFORM

આ બાળગીતનો રાગ અને વીડિયો મારી ચેનલ CN PLATFORM પર ઉપલબ્ધ છે. તો આજે જ CN PLATFORM ચેનલ સબસ્ક્રાઈબ કરો.